પાટનગરનું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૦૭ | ૨૬ જુન, ૨૦૨૩, સોમવાર; અષાઢ સુદ - ૦૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઉત્તરાખંડ, હરિયાણા, હિમાચલમાં જળબંબાકાર

**હિમાચલમાં લેન્ડ સ્લાઈટ થતાં અનેક વાહનોને નુકસાન : ટ્રાફીક અટવાયો : જેસીબીથી માર્ગો સાફ કરવાની કામગીરી આરંભાઈ : ઉત્તરાખંડમાં ૨૪ કલાકથી ભારે વરસાદ : ઉત્તરાખંડમાં ભારે વરસાદ થતા : સોનપ્રયાગ ખાતે યાત્રા અટકાવી દેવામાં આવી છે : દિલ્હી-મુંબઈમાં ભારે વરસાદ : કુલુમાં એક સાથે આઠ વાહનો તણાયા : હરિયાણામાં પાણીમાં કાર તણાઈ : રેસ્ક્યુ કરાયું**







ઉત્તરાખંડ, તા.૨૫

ઉત્તર ભારતમાં પહાડી અને મેદાની વિસ્તારમાં મુશળધાર વરસાદ વરસતા જળબંબાકાર સર્જાયો હતો. હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભુસ્ખલનની પણ ઘટનાઓથી ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. હરિયાણાના કુરુક્ષેત્ર વિસ્તારમાં અનેક સ્થાનો પર પ્રચંડ પાણીના પુરના દશ્યો સર્જાયા હતા અને કાચા મકાનો તથા ઝુંપડા વિસ્તારમાં ભારે નુકસાનના અહેવાલો માધ્યમોમાં છે. દિલ્હી અને આસપાસના વિસ્તારમાં પણ ભારે વરસાદ પડતા જનજીવન પર ઘેરી અસર દેખાતી હતી. સાથે સાથે મુંબઈમાં પણ વરસાદના આગમનથી ઠંડકનો માહોલ છવાયો હતો. દિલ્હી અને મુંબઈમાં ૬૧ વર્ષ બાદ એક સાથે ચોમાસાનું આગમન થયું છે.

જ્યારે બીજી તરફ ઉત્તરાખંડમાં હાલમાં ભારે વરસાદ પડી રહ્યો હોવાના કારણે કેદારનાથ યાત્રા હાલ પૂરતી અટકાવવા નિર્ણય લેવાયો છે. ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં ભારે વરસાદ પડી રહ્યો છે. તેથી આગામી ઓર્ડર ન મળે ત્યાં સુધી સોનપ્રયાગ ખાતે યાત્રા અટકાવી દેવાઈ છે તેમ સત્તાવાળાઓએ જણાવ્યું હતું.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર ધામીએ ડિઝાસ્ટર કન્ટ્રોલ રૂમની મુલાકાત લીધી છે. આગળનો નવો ઓર્ડર ન મળે ત્યાં સુધી યાત્રા થંભાવી દેવામાં આવી છે. જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના અધિકારીએ જણાવ્યું કે ગૌરીકુંડ અને કેદારનાથ વચ્ચે આવેલા એરિયામાં સવારથી સતત વરસાદ ચાલુ છે જેના કારણે યાત્રાળુઓને આગળ જવા દેવામાં નથી.

છેલ્લા આંકડા પ્રમાણે લગભગ ૫૮૨૮ યાત્રાળુઓએ સોનપ્રયાગથી કેદારનાથની યાત્રા સવારે શરૂ કરી હતી. ભારે વરસાદના કારણે આ યાત્રાધામ ઉપરાંત રાજ્યમાં બીજી ઘણી જગ્યાએ નુકસાન થયું છે.

મુખ્યમંત્રી પુષ્કર ધામીએ જણાવ્યું કે ભારે વરસાદના કારણે ક્યાંય પાણી ભરાય નહીં તે માટે યોગ્ય આદેશ આપવામાં આવ્યા છે. આ માટે જેસીબી મશીન પહેલેથી ગોઠવવામાં આવ્યા છે જેથી કોઈ જગ્યાએ પાણી ભરાય તો તેના માટે નિકાલનો રસ્તો કરી શકાય. છેલ્લા ચોવીસ કલાકમાં હરિદ્વારમાં ૭૮ એમએમ વરસાદ પડ્યો છે જ્યારે દહેરાદુનમાં ૩૩ મીમી અને ઉત્તરકાશીમાં ૨૭.૭ મીમી વરસાદ નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## નવી દિલ્હી સ્ટેશન પર ધોધમાર વરસાદની વચ્ચે થાંભલામાં કરંટ લાગતા મહિલાનો ગયો જીવ

**રસ્તામાં ભરાયેલા પાણીથી બચવા માટે મહિલાએ વીજળીના થાંભલાનો સહારો લીધો તો કરંટનો ઝટકો લાગ્યો હતો**

નવી દિલ્હી, તા.૨૫

નવી દિલ્હી રેલવે સ્ટેશન પર રેલવેની મોટી બેદરકારી સામે આવી છે. જેમાં એક મહિલાનો જીવ ગયો. મહિલા જ્યારે સ્ટેશન જઈ રહી હતી ત્યારે તે સમયે વરસાદના કારણે પાણી ભરાયા હતા. રસ્તામાં ભરાયેલા પાણીથી બચવા માટે મહિલાએ વીજળીના થાંભલાનો સહારો લીધો તો કરંટનો ઝટકો લાગ્યો. આજુબાજુના લોકોએ મહિલાને તરત હોસ્પિટલ પહોંચાડી જ્યાં તેનું મોત નિપજ્યું. રેલવેની સાથે જ પોલીસ પણ આ મામલે તપાસ કરી રહી છે.

મળતી માહિતી મુજબ દિલ્હીના પ્રીત વિહારની સાક્ષી આહૂજા નામની યુવતી સવારે લગભગ સાડા ૫ વાગે નવી દિલ્હી રેલવે સ્ટેશન પહોંચી હતી. મહિલાની સાથે બે અન્ય મહિલાઓ અને ૩ બાળકો હતા. સાક્ષી ભોપાલ શતાબ્દી ટ્રેનથી જવાની હતી. રાતથી ખુબ જ વરસાદ પડી રહ્યો હતો. જેના કારણે સ્ટેશનની આજુબાજુ પાણી ભરાયેલા હતા.

સ્ટેશન તરફ જતી વખતે પાણીથી બચવા માટે યુવતીએ સહારો

● અનુસંધાન પાન-૭ પર

# મોદીની અલ-હકીમ મસ્જિદની મુલાકાત

**નરેન્દ્ર મોદીએ ઈજિપ્તની મસ્જિદનું નિરિક્ષણ કર્યું : મોદીએ યુદ્ધ સ્મારકની મુલાકાત લીધીઃ પ્રથમ વિશ્વ યુદ્ધમાં બલિદાન આપનારા ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી**





કાહિરા, તા.૨૫

અમેરિકાના પ્રવાસ બાદ પીએમ મોદી ઈજિપ્ત પહોંચ્યા. ઈજિપ્તની રાજધાની કાહિરામાં શનિવારે પીએમ મોદીનું શાનદાર સ્વાગત થયું. ઈજિપ્ત પ્રવાસના બીજા દિવસે પીએમ મોદી આજે પ્રસિદ્ધ મસ્જિદ અલ હકીમની મુલાકાતે પહોંચ્યા. અહીં તેમણે મસ્જિદનું નિરિક્ષણ કર્યું. અહીં દાઉદી વોહરા સમુદાયના લોકોએ પ્રધાનમંત્રીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને તેમને સમૃતિચિન્હો ભેટમાં આપ્યા.

ત્યારબાદ પ્રધાનમંત્રીએ હેલિયોપોલીસ કોમનવેલ્થ વોર ગ્રેવ સ્થિત યુદ્ધ સ્મારકની મુલાકાત લીધી અને પ્રથમ વિશ્વ યુદ્ધ દરમિયાન સર્વોચ્ચ બલિદાન આપનારા ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી. ત્યારબાદ તેમણે વીઝીટર્સ બુકમાં હસ્તાક્ષર કર્યા. આ સ્મારક એવા ૪૦૦૦ ભારતીય સૈનિકોના સ્મારક તરીકે ઓળખાય છે જે પ્રથમ વિશ્વ યુદ્ધમાં ઈજિપ્ત અને પેલેસ્ટાઈનમાં શહીદ થયા હતા. કબ્રસ્તાનના પ્રવેશ દ્વાર પર હેલિયોપોલીસ પોર્ટ ટેવફિક મેમોરિયલ છે. જે બહાદુર ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ તરીકે બનાવવામાં આવ્યું છે. જો કે પોર્ટ ટેવફિકનું મૂળ સ્મારક ૧૯૭૦ના દાયકામાં ઈઝરાયેલ-ઈજિપ્ત સંઘર્ષ દરમિયાન નષ્ટ થઈ ગયું હતું.

કાહિરા સ્થિત આ ૧૧ મી સદીની અલ હકિમ મસ્જિદ દાઉદી વોહરા સમુદાય માટે સાંસ્કૃતિક રીતે ખુબ મહત્વ ધરાવે છે. આ સમુદાયની મદદતી જ આ મસ્જિદનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ફેબ્રુઆરીમાં આ મસ્જિદને ફરીથી ખોલવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

## પુતિનની કડકાઈ આગળ ઝૂક્યા યેવગેની, ટેંકો અંતે પાછી ફરી

**ફીલ્ડ કેમ્પ તરફ આગળ વધી રહ્યા છે ફાઈટર્સ : પુતિન હાલ ગૃહ યુદ્ધનો સામનો કરી રહ્યા છે**



મોસ્કો, તા.૨૫

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન હાલ ગૃહ યુદ્ધનો સામનો કરી રહ્યા છે. જેનું કારણ છે રશિયાની પ્રાઈવેટ આર્મી વેગનરનો બળવો. વેગનરે પોતાની જ સરકાર વિરુદ્ધ મોરચો ખોલ્યો અને સ્પષ્ટપણે કહ્યું કે દેશને જલદી નવા રાષ્ટ્રપતિ મળવાના છે. વેગનર ગ્રુપના ચીફ યેવગેની પ્રિગોઝીન રશિયાના રાજધાની મોસ્કો તરફ પોતાના ૨૫ હજાર સૈનિકો સાથે કૂચ કરી રહ્યા હતા કે ત્યારે જ બેલારૂસના રાષ્ટ્રપતિએ મધ્યસ્થતા કરવાની જવાબદારી ઉઠાવી. જો કે આ સમજૂતિ પહેલા સુધી રશિયામાં આખો દિવસ ઉથલપાથલ જોવા મળી.

લેટેસ્ટ માહિતી મુજબ રશિયામાં રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનની કડકાઈ આગળ પ્રાઈવેટ આર્મી વેગનર ચીફ યેવગેની પ્રિગોઝીન ઝૂકી ગયા છે. બળવાના ૧૨ કલાકની અંદર તેમણે પોતાની સરકાર સાથે સમાધાન કરી લીધુ છે. બેલારૂસના રાષ્ટ્રપતિ અલેક્ઝેન્ડર લુકાશેક્રોએ વેગનર ચીફ સાથે વાત કરી અને ત્યારબાદ યેવગેનીના તેવર ઢીલા પડ્યા અને મોસ્કો પર હુમલા રોકવાનો નિર્ણય લીધો છે.

હવે આ પ્રાઈવેટ આર્મીએ પોતાના કેમ્પો તરફ પાછા ફરવાનો નિર્ણય લીધો છે અને ટેંકોના યુટર્ન માર્યો છે. રિપોર્ટ મુજબ આ પ્રાઈવેટ આર્મી મોસ્કો પર કબજો જમાવવા માટે આગળ વધી હતી.

બેલારૂસના રાષ્ટ્રપતિના મીડિયાના હવાલે આ સમાચાર આવ્યા છે. વેગનર ગ્રુપના ચીફ પ્રિગોઝીન અને રશિયન સરકાર વચ્ચે મોટું સમાધાન થયું છે.

## પશ્ચિમ બંગાળમાં બે માલગાડીઓની ટકરાતા ડબ્બા પાટા પરથી ઉતરી ગયા

કોલકાતા, તા.૨૫

પશ્ચિમ બંગાળના બાંકુરામાં ઓંડા રેલવે સ્ટેશન પર રવિવારે સવારે બે માલગાડીઓ એકબીજા સાથે અથડાઈ ગઈ હતી. આ



દુર્ઘટનાને કારણે ટ્રેનોના ઘણા ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, ટ્રેનોની ટક્કરથી ટ્રેક બંધ કરી દેવો પડ્યો હતો અને આ રૂટ પરની ટ્રેનોને અસર થઈ હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર ખડગપુર-બાંકુરા-આદ્રા લાઈન પર ટ્રેનની કામગીરી સ્થગિત કરી દેવામાં આવી છે. અત્યારે રેલવે અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા છે અને ટ્રેક સાફ કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ટૂંક સમયમાં ટ્રેનોનું સંચાલન શરૂ થઈ જાય એવું અનુમાન લગાવાઈ રહ્યું છે.

ઓંડા સ્ટેશનના સિક્યોરિટી ઓફિસર દિબાકર માઝીનું કહેવું છે કે પ્રાથમિક માહિતી અનુસાર એક માલગાડી જ્યારે બીજી માલગાડી સાથે અથડાઈ ગઈ હતી. હવે આ કેવી રીતે થયું એની તપાસ કરવામાં આવી રહી છે.

રેલવે અધિકારીઓએ જણાવ્યું કે માલગાડીઓ સવારે લગભગ ૫.૨૦ વાગ્યાની આસપાસ એકબીજા સાથે અથડાઈ ગઈ હતી. તેવામાં તાત્કાલિક છઠ્ઠઈછ વિજિજનમાં ઓન્ડા એસટીએન પર પાટા પરથી ઉતરી જવાને કારણે તમામ અપ અને ડાઉન દિશામાં ટ્રેનની અવરજવર બંધ કરી દેવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ઓડિશાના બાલાસોરમાં એક ટ્રેન અકસ્માત થયો હતો. આ ઘટનામાં ત્રણ ટ્રેનો અથડાઈ હતી.

## મણિપુર ખાતે સેનાની સમજદારીથી હિંસા ટળી

**KYKLના ૧૨ કેડરને પકડ્યા બાદ છોડી મૂક્યા : મણિપુરમાં સેનાનું સર્ચ ઓપરેશન ચાલુ છે**

ઈમ્ફાલ, તા.૨૫

મણિપુરમાં સેનાએ આજે પોતાની સમજદારીથી હિંસા ટાળી છે. મણિપુરમાં સેનાનું સર્ચ ઓપરેશન ચાલુ છે. સેના હિંસા વચ્ચે વિસ્તારમાં શાંતિની બહાલીમાં લાગી છે. આ દરમિયાન ઈથમ ગામમાં સેનાએ એક ઓપરેશનને અંજામ આપ્યો અને કાંગલેઈ યાવોલ કન્ના લુપ (KYKL) સંગઠનના એક ડઝન જેટલા ઉગ્રવાદીઓને સેનાએ પકડ્યા હતા. એવું કહેવાય છે કે આ ઉગ્રવાદીઓએ હથિયારોનો ખજાનો ભેગો કરી રાખ્યો હતો. તેમને સેના લઈને આવે તે પહેલા જ ઉગ્ર ભીડે સુરક્ષા દળોને ઘેરી લીધા. ચોંકાવનારી વાત એ છે કે આ ભીડનું નેતૃત્વ મહિલાઓ કરી રહી હતી. લગભગ ૧૫૦૦ લોકોની ભીડમાં મહિલાઓની સંખ્યા વધુ હતી. તેમને રોક્યા બાદ સેનાએ ૧૨ કેડરને છોડી દીધા. કમાન્ડરે માનવીય ચહેરો દેખાડ્યો અને લોકોની ભીડને સમજાવી.

મણિપુરમાં સેનાના કમાન્ડરે સમજદારી દેખાડી અને એક હિંસાવાળી સ્થિતિને ટાળી દીધી. મણિપુરમાં એન્ડ્રો પાસેના ગામ ઈથમમાં સેનાએ મોટું સર્ચ ઓપરેશન ચલાવ્યું. સમગ્ર ગામની ઘેરાબંધી કરીને સર્ચ અભિયાન ચલાવ્યું. ઘટનાસ્થળેથી ભારે માત્રામાં ગોળા બારૂદ અને અનેક હથિયારો મળી આવ્યા.

## બિહારના વૈશાલીમાં દૂધ ફેક્ટરીમાં ગેસ લીક થતા ભારે હાહાકાર

**એકનું મોત અને ૧૦૦થી વધુ મજૂરોની તબિયત લથડી**

વૈશાલી, તા.૨૫

બિહારના વૈશાલીમાં ગેંસ લીક કાંડ સામે આવતા સમગ્ર વિસ્તારમાં હડકંપ મચી ગોય છે. પ્રાપ્ત જાણકારી મુજબ, એક દૂધની ફેક્ટરીમાં એમોનિયા ગેસ પાઈપ ફાટ્યા બાદ અફરા તફરી મચી ગઈ હતી. આ ઘટના બન્યા બાદ ફેક્ટરીમાં કામ કરી રહેલાં એક મજૂરનું પણ મોત નીપજ્યું છે. બીજી તરફ, ૧૦૦થી પણ વધુ મજૂરોની તબિયત લથડી હતી. માત્ર હાજીપુર સદર હોસ્પિટલમાં ૪૦ જેટલાં દર્દીઓને સારવાર માટે ભરતી કરવામાં આવ્યા છે. આ દરમિયાન એક દર્દીનું મોત થયુ હતુ. હાજીપુરની ખાનગી હોસ્પિટલોમાં ૫૦થી પણ વધુ મજૂરોની સારવાર ચાલી રહી છે. તો ૨૦થી પણ વધુ દર્દીઓને પટના રેફર કરવામાં આવ્યા છે.

કહેવામાં આવી રહ્યું છે કે, હાજીપુર ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં આવેલી રાજ ડેરી ફેક્ટરીમાં મોડી રાતે ગેસ લીક થયો હતો. જ્યાં એમોનિયા ગેસ પાઈપમાં લીકેજ થવાથી હાહાકાર મચી ગયો હતો. ગેસ લીક થયા બાદ કેટલાંક મજૂરો તેની લપેટમાં આવી ગયા હતા. જે બાદ તેઓને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. એ પછી આ આંકડો વધ્યો હતો અને ૧૦૦થી પણ વધુ મજૂરોની તબિયત લથડી હતી. બનાવની જાણ થતા ફાયર વિભાગના કાફલા સાથે ઉચ્ચ

● અનુસંધાન પાન-૭ પર

**અમરનાથ કો-ઓપરેટીવ બેંક લિ.**

**શાખાના નવા સરનામા અંગેની સૂચના**

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે અમારી કુડાસણ (ગાંધીનગર) શાખા તારીખ ૨૬.૦૬.૨૦૨૩ ના રોજથી નીચે જણાવેલ નવા સરનામે ટ્રાન્સફર (સ્થળાંતર) કરેલ છે. તેથી **તારીખ ૨૬.૦૬.૨૦૨૩ ના રોજથી ખાતાની લેવડ દેવડ કે લોકર ઓપરેશન માટે નીચે જણાવેલ સરનામે કુડાસણ શાખા કાર્યરત રહેશે.**

**શાખાનું નવું સરનામુંઃ અમરનાથ કો.ઓ.બેંક લિ., GF-9 & 10 રાધે ટાઈમ્સ સ્કવેર, ભાઈજીપુરા ચાર રસ્તાની બાજુમાં, કોબા-ગાંધીનગર રોડ, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧. સંપર્ક ફોન નંબરઃ ૮૭૫૮૭૫૪૫૪૨**

તા.૨૬-૦૬-૨૦૨૩ આસી.જનરલ મેનેજર